For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ત્રણ જિલ્લાના વિકાસને મળશે નવી દિશા : ખારાશ ઘટશે અને અંતરમાં ૭૫ કિમીનો મોટો ઘટાડો થશે

# મહી નદી પર રૂ. ૧૭૦૦ કરોડના ખર્ચે સાકાર થશે 'બદલપુર-કારેલી બેરેજ કમ બ્રીજ'

**ચરોત્તરથી** ભરૂચ સુધીનો વિસ્તાર બનશે સમૃદ્ધિનું નવુ સરનામુ

**બદલપુર** બેરેજ યોજનાને મળી સૈદ્ધાંતિક મંજૂરી

(પ્રતિનિધિ) આણંદ, તા.25

ગુજરાત સરકારે મહી નદી પર ધુવારણ નજીક બદલપુર-કારેલી બેરેજ કમ બ્રીજના નિર્માણ માટે અંદાજે રૂ. 1700 કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકીના પ્રયાસોથી સાકાર થનારી આ યોજના મધ્ય અને દક્ષિણ ગુજરાત માટે મહત્વપૂર્ણ સાબિત થશે. સરકાર દ્વારા પ્રોજેક્ટના સર્વે સહિતની પ્રાથમિક કામગીરી ઝડપથી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આણંદ સીંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર રજત ચૌધરીના જણાવ્યા મુજબ મહી નદીના અંદાજે 4.5 કિલોમીટર પહોળા પટમાં બે કિલોમીટર લાંબું બ્રીજ સ્ટ્રક્ચર બનાવાશે. નદીના વહેણને નિયંત્રિત કરવા તેમજ ચોમાસામાં દરિયામાં વહી જતા મીઠા પાણીનો સંગ્રહ કરવા માટે આશરે 70 દરવાજા મૂકવામાં આવશે. ઉપરાંત પ્રોટેક્શન બંધ અને આધુનિક પૂર નિયંત્રણ વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવશે.

આ બેરેજમાં અંદાજે 183 મિલિયન ઘન મીટર મીઠા પાણીનો સંગ્રહ થઈ શકશે. હાલમાં મહી નદીનું વિશાળ પ્રમાણમાં મીઠું પાણી દરિયામાં વહી જાય છે, જેને રોકી કૃષિ, પીવાના પાણી અને ઔદ્યોગિક જરૂરિયાતો માટે ઉપયોગમાં લઈ શકાશે. આ વિસ્તારમાં હાલ પીવાના પાણી માટે કડાણા ડેમ પર નિર્ભરતા છે, પરંતુ બેરેજ બન્યા બાદ સ્થાનિક સ્તરે પાણીનો મોટો જથ્થો ઉપલબ્ધ થશે.

દરિયાઈ પાણીના પ્રવેશથી વિસ્તારની જમીનમાં વર્ષોથી ખારાશની સમસ્યા છે. હાલ દરિયાનું પાણી અંદાજે 50 કિલોમીટર સુધી અંદર પ્રવેશે છે. બેરેજના નિર્માણથી મીઠા પાણીનો સંગ્રહ વધતાં ખારાશમાં નોંધપાત્ર ઘટાડો થશે. તેનો સીધો લાભ આશરે 16 હજાર હેક્ટર જમીનને મળશે. ભૂગર્ભ જળની ગુણવત્તામાં સુધારો થતાં ખેડૂતો વધુ પાક લઈ શકશે અને કૃષિ ઉત્પાદન વધશે.

આ યોજના હેઠળ આણંદ જિલ્લાના 42, વડોદરા જિલ્લાના 30 અને ભરૂચ જિલ્લાના 8 ગામો સહિત લગભગ 80 ગામોના 15 લાખથી વધુ લોકોને શુદ્ધ પીવાનું પાણી મળી શકશે. ઉપરાંત આણંદના 152, વડોદરાના 164 અને ભરૂચના 81 મળી કુલ 409 ગામો તથા 32 તળાવો પણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લાભાન્વિત થશે.

બેરેજ કમ બ્રીજ પરિવહન ક્ષેત્રે પણ મહત્વપૂર્ણ સાબિત થશે. ખંભાત-તારાપુર વિસ્તારથી જંબુસર અને દહેજ ઔદ્યોગિક વિસ્તારમાં જવાનું અંતર અંદાજે 75 કિલોમીટર ઘટશે. જેના કારણે ઇંધણ અને સમયની બચત થશે તેમજ વેપાર-ઉદ્યોગને વેગ મળશે. પાણી, ખેતી, ઉદ્યોગ, રોજગારી અને પરિવહન ક્ષેત્રે લાભ આપનારી આ યોજના સમગ્ર વિસ્તારના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ભવિષ્યમાં આ સ્થળ પ્રવાસન કેન્દ્ર તરીકે પણ વિકસે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.




## આજે યવમે આશૂરા : પોલીસ બંદોબસ્ત વચ્ચે તાજિયા ઠંડા કરાશે

**૨** હજારથી વધુ પોલીસકર્મીઓ તૈનાત

(પ્રતિનિધિ) વડોદરા, તા. 25

વડોદરા શહેરમાં મહોરમ પર્વ નિમિત્તે સ્થાપિત કરાયેલા તાજીયાઓના વિસર્જનને શાંતિપૂર્ણ અને સુરક્ષિત રીતે સંપન્ન કરાવવા માટે પોલીસ તંત્ર દ્વારા વ્યાપક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે જણાવ્યુ હતુ કે શહેરના વિવિધ વિસ્તારોમાં 178 તાજીયાઓની સ્થાપના કરવામાં આવી છે, જેના વિસર્જન દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ કમિશનર દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પોલીસ તંત્ર દ્વારા એક જ્વોઈન્ટ પોલીસ કમિશનર , એક એડિશનલ પોલીસ કમિશનર, 10 ડેપ્યુટી પોલીસ કમિશનર , 15 આસિસ્ટન્ટ પોલીસ કમિશનર , 50થી વધુ પોલીસ ઈન્સ્પેક્ટર , 85થી વધુ પોલીસ સબ ઈન્સ્પેક્ટર તેમજ 2,000થી વધુ પોલીસ કર્મચારીઓને ફરજ પર મુકવામાં આવ્યા છે. ઉપરાંત ચાર SRPFની ટુકડીઓ અને એક સ્પેશિયલ ફોર્સને પણ બંદોબસ્તમાં જોડવામાં આવી છે.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે શહેરના સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ વિસ્તારોમાં ખાસ નજર રાખવા માટે ધાબા પોઈન્ટ અને ડીપ પોઈન્ટ પર પણ પોલીસ જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે. સોશિયલ મીડિયા પર કોઈ ભડકાઉ અથવા શહેરનું સામાજિક વાતાવરણ બગાડે તેવી પોસ્ટ, કોમેન્ટ કે અફવા ન ફેલાય તે માટે સાયબર ક્રાઈમ શાખાને પણ સતત મોનિટરિંગ કરવાની સૂચના આપવામાં આવી છે.

તાજીયા વિસર્જન પૂર્વે બુધવારે સાંજના સમયે પોલીસ કમિશનર સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ શહેરના વિવિધ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ અને ફ્લેગ માર્ચ યોજી લોકોને સુરક્ષાનો વિશ્વાસ અપાવ્યો હતો. પોલીસે નાગરિકોને શાંતિ અને કાયદો-વ્યવસ્થાના પાલન સાથે મહોરમના કાર્યક્રમોમાં સહભાગી થવા અપીલ કરી છે.

## સિગ્નલ ફળીયા ગેંગના વધુ એક આરોપીના ૪ જુલાઈ સુધી રિમાન્ડ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 25

ટ્રેનોને કૃત્રિમ રીતે ધીમી પાડી અથવા ઉભી રાખીને મુસાફરોને નિશાન બનાવતી ગોધરાની કુખ્યાત સિગ્નલ ફળીયા ગેંગના વધુ એક આરોપી વસીમ ઉર્ફે ટપલા મોહમ્મદ હનીફ બટુકની ધરપકડ કરવામાં આવી છે.

આરોપીને આજે ગુજસીટોક સ્પેશિયલ કોર્ટમાં રજૂ કરી પોલીસ રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર રઘુવીર પંડ્યાએ ગેંગની ગુનાહિત પ્રવૃત્તિઓ અંગે દલીલો રજૂ કરતાં કોર્ટે આરોપીના 4 જુલાઈ સુધીના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કર્યા હતા. તપાસમાં બહાર આવ્યું છે કે ગેંગ રેલવે લાઈન પર આઉટર અથવા હોમ સિગ્નલના ઈલેક્ટ્રિક બોક્સમાં ધાતુનો ટુકડો મૂકી સિગ્નલ લાલ કરી દેતી હતી, જેના કારણે ટ્રેન ધીમી પડતાં અથવા ઉભી રહેતાં આરોપીઓ ચોરી અને લૂંટની ઘટનાઓને અંજામ આપતા હતા. પોલીસે વધુ પૂછપરછ શરૂ કરી છે.

### કોર્પોરેશનની બેઠક પૂર્વે જ પાર્ક્સ એન્ડ ગાર્ડનની દરખાસ્ત વિવાદમાં

## વિવાદિત ઈજારદાર ડી.જી.નાકરાણીને કામ સોંપવાની દરખાસ્ત સામે વિરોધ

**પીએફ, ESI** અને લઘુત્તમ વેતનના ભંગના આક્ષેપો વચ્ચે સામાજિક કાર્યકરની કમિશનરને રજૂઆત

(પ્રતિનિધિ) વડોદરા તા.25

મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક પૂર્વે જ પાર્ક્સ એન્ડ ગાર્ડન શાખા દ્વારા રજૂ કરવામાં આવેલી માનવબળ પૂરું પાડવાની એક દરખાસ્ત ભારે વિવાદમાં સપડાઈ છે. વિવાદિત ઈજારદાર ડી.જી. નાકરાણીને આ કામ સોંપવાની હિલચાલ સામે અગાઉ વિપક્ષ દ્વારા ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યા બાદ, હવે સામાજિક કાર્યકરે પણ મેદાને આવી મ્યુનિસિપલ કમિશનરને આ દરખાસ્ત તાકીદે પરત મોકલવા લેખિત રજૂઆત કરી છે, જેને પગલે કોર્પોરેશનના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

મ્યુનિસિપલ કમિશનરને કરાયેલી રજૂઆતમાં ગંભીર આક્ષેપો કરતાં જણાવાયું છે કે, કોર્પોરેશનની સ્થાયી સમિતિની બેઠકમાં મંજૂરી અર્થે લાવવામાં આવેલી આ દરખાસ્ત હેઠળ પાર્ક્સ એન્ડ ગાર્ડન શાખામાં ૫૦૦ વ્યક્તિઓના માનવદિનનું કામ સોંપવાનું આયોજન છે. જોકે, આ કામ જે ઈજારદારને આપવાની હિલચાલ ચાલી રહી છે તે ડી.જી. નાકરાણીનો ભૂતકાળનો રેકોર્ડ ભારે વિવાદાસ્પદ રહ્યો છે. આ ઈજારદાર સામે અગાઉ કર્મચારીઓનું આર્થિક શોષણ કરવા, પીએફ અને ઈએસઆઈની રકમ જમા ન કરાવવા તેમજ સરકારના લઘુત્તમ વેતનના નિયમોનો સરેઆમ ભંગ કરવાના ગંભીર આક્ષેપો લાગેલા છે.


સામાજિક કાર્યકરે સયાજી હોસ્પિટલનો દાખલો ટાંકતા આક્ષેપ કર્યો છે કે, સયાજી હોસ્પિટલમાં વર્ગ-૩ અને વર્ગ-૪ના ૫૦૦થી વધુ કર્મચારીઓ આ ઈજારદાર હેઠળ ફરજ બજાવતા હતા, જેમને વર્ષોથી પીએફનો કોઈ હિસાબ મળ્યો નથી અને તેમને નિયમ મુજબ પગાર પાવતી પણ આપવામાં આવતી ન હતી. આવા ગંભીર વિવાદો અને શંકાસ્પદ ટ્રેક રેકોર્ડ ધરાવતી એજન્સીને કરોડો રૂપિયાનું કામ સોંપવા પાછળની પ્રક્રિયાની પારદર્શકતા સામે હવે અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે.

આ સંજોગોમાં કોર્પોરેશનના હિતમાં અને શ્રમિકોના શોષણને અટકાવવા માટે આ દરખાસ્તને મંજૂરી આપવાને બદલે તાત્કાલિક પરત મોકલવી જોઈએ. આ તમામ આક્ષેપોની તટસ્થ અને નિષ્પક્ષ તપાસ કરાવવામાં આવે અને ત્યાર બાદ જ કોઈ આખરી નિર્ણય લેવાય તેવી માંગ કરવામાં આવી છે. જો તપાસ વિના જ આ દરખાસ્ત મંજૂર કરાશે તો કોર્પોરેશનની શાસકીય કામગીરી અને શુદ્ધતા સામે મોટા પ્રશ્નાર્થો ઊભા થશે તેવી ચીમકી પણ રજૂઆતમાં ઉચ્ચારવામાં આવી છે.

## મચ્છીપીઠ કાગદીવાડમાં વીજ લાઈનમાં ધડાકાથી રહીશોમાં ભય

**ફાયરબ્રિગેડ** અને MGVCLની ટીમે ત્વરિત પહોંચી પરિસ્થિતિ સંભાળી, મોટી દુર્ઘટના ટળી





(પ્રતિનિધિ) વડોદરા,તા.25

વડોદરા શહેરના મચ્છીપીઠ કાગદીવાડ વિસ્તારમાં ગતરાત્રે વીજ લાઈનમાં સર્જાયેલી ખામીને કારણે સ્થાનિકોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો હતો. હાઈ વોલ્ટેજ લાઈનમાં વાયરના લુઝ કોન્ટેકના કારણે વાયરોમાંથી તણખા ઝરવાની સાથે મોટા ધડાકા થતાં વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી.

જીવીસીએલની વીજ લાઈનમાં અચાનક થયેલા જોરદાર ધડાકાઓથી ગભરાઈને સ્થાનિક રહીશો ઘરની બહાર દોડી આવ્યા હતા. એક તબક્કે વિસ્તારમાં ભારે નાસભાગ જેવો માહોલ સર્જાયો હતો. લોકોમાં ડરનો માહોલ એટલો હતો કે અનેક લોકો રાતભર જાગતા રહ્યા હતા. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડ અને એમજીવીસીએલની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. જીઈબીની ટીમે સૌપ્રથમ સાવચેતીના ભાગરૂપે વીજ પુરવઠો બંધ કરી દીધો હતો. ત્યારબાદ યુદ્ધના ધોરણે સમારકામની કામગીરી હાથ ધરી ખામી દૂર કરવામાં આવી હતી. તંત્રની સમયસૂચકતા અને ઝડપી કામગીરીના કારણે મોટી દુર્ઘટના થતા ટળી ગઈ હતી. થોડા જ સમયમાં પરિસ્થિતિ સંપૂર્ણ કાબૂમાં આવી ગઈ હતી અને મોડી રાત્રે વિસ્તારમાં વીજ પુરવઠો પુનઃ કાર્યરત કરવામાં આવ્યો હતો. આ ઘટનાએ જૂની અને જર્જરિત વીજ લાઈનોના મેઈન્ટેનન્સ અંગે ફરી એકવાર સવાલો ઉભા કર્યા છે.

### અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘનું પ્રતિનિધિમંડળ કેન્દ્રીય શિક્ષણ મંત્રીને મળ્યું

## ૨૦૧૦ પહેલાં નિયુક્ત શિક્ષકો પર TETની અનિવાર્યતા મુદ્દે રજૂઆત

**વિકસિત** ભારત શિક્ષા અધિષ્ઠાન વિધેયક-2025 પર સૂચનો

(પ્રતિનિધિ) વડોદરા,તા.25

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના પ્રતિનિધિમંડળે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન સાથે મુલાકાત કરી શાળાકીય તેમજ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રના વિવિધ મહત્વના મુદ્દાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. પ્રતિનિધિમંડળે શિક્ષક સમાજ અને શિક્ષણ જગતની ચિંતાઓ, અપેક્ષાઓ તથા લાંબા સમયથી પડતર રહેલા પ્રશ્નોથી મંત્રીને અવગત કરાવ્યા હતા.

બેઠકમાં વર્ષ-2010 પહેલાં નિયુક્ત થયેલા શિક્ષકો માટે શિક્ષક પાત્રતા પરીક્ષા (ટેટ)ની અનિવાર્યતાનો મુદ્દો મુખ્ય ચર્ચાનો વિષય રહ્યો હતો. મહાસંઘે રજૂઆત કરી હતી કે લાંબા સમયથી સેવા આપતા શિક્ષકોના હિતો, કાનૂની જોગવાઈઓ, કુદરતી ન્યાયના સિદ્ધાંતો અને માનવીય પાસાઓને ધ્યાનમાં રાખીને સંવેદનશીલ અને ન્યાયસંગત નિર્ણય લેવો જોઈએ. ઉપરાંત વિકસિત ભારત શિક્ષા અધિષ્ઠાન વિધેયક-2025 અંગે પણ મહાસંઘે પોતાના સૂચનો અને અપેક્ષાઓ રજૂ કર્યા હતા.

ચર્ચા દરમિયાન ઉચ્ચ શિક્ષણમાં સંસ્થાકીય સ્વાયત્તતા, ગુણવત્તા સંવર્ધન, શિક્ષક હિતોનું રક્ષણ, પારદર્શિતા, જવાબદારી અને વિવિધ હિતધારકોની સહભાગિતા જેવા મુદ્દાઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો. સાથે જ સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપવા તથા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020ના અસરકારક અમલીકરણ અંગે પણ સૂચનો કરવામાં આવ્યા હતા. મહાસંઘે જણાવ્યું હતું કે પ્રસ્તાવિત વિધેયક ભારતીય ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થાને વધુ સક્ષમ, સમાવેશી અને રાષ્ટ્રહિતકારી બનાવે તે દિશામાં ઘડાવું જોઈએ. પ્રતિનિધિમંડળે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રના અન્ય મહત્વના પ્રશ્નો પણ મંત્રી સમક્ષ રજૂ કર્યા હતા. તેમાં કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમની સમસ્યાઓ, પીએચ.ડી. કરતા શિક્ષકોને પડતી મુશ્કેલીઓ, સંશોધન અનુદાનની ઉપલબ્ધતા, મહાવિદ્યાલયો અને નાના રાજ્ય વિશ્વવિદ્યાલયોમાં સંશોધનની તકોનો વિસ્તાર, પાયાની સુવિધાઓમાં વધારો અને ખાલી જગ્યાઓની ઝડપી ભરતી જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે. મહાસંઘે આ તમામ પ્રશ્નોના સમયબદ્ધ અને નીતિગત ઉકેલની માંગ કરી હતી. પ્રતિનિધિમંડળમાં અધ્યક્ષ પ્રો. નારાયણ લાલ ગુપ્તા, મહામંત્રી પ્રો. ગીતા ભટ્ટ, સંગઠન મંત્રી મહેન્દ્ર કપૂર, સહ સંગઠન મંત્રી જી. લક્ષ્મણ, વરિષ્ઠ ઉપાધ્યક્ષ મહેન્દ્ર કુમાર, શિવાનંદ સિંદનકેરા અને મોહન પુરોહિત અને હોદ્દેદારો હાજર રહ્યા હતા.

## ગરમીનો પારો ૩૮.૮ ડીગ્રી પર સ્થિર ૨૪થી ૪૮ કલાક વરસાદની શક્યતા

(પ્રતિનિધિ) વડોદરા,તા.25

વડોદરા શહેરમાં ઉનાળાની આકરી ગરમી વચ્ચે આજે મહત્તમ તાપમાન 38.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન 29.8 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. સવારે હવામાં ભેજનું પ્રમાણ 61 ટકા જ્યારે સાંજે ઘટીને 36 ટકા નોંધાયું હતું. બફારા અને ઉકળાટથી શહેરીજનો પરેશાન થયા હતા. જોકે, હવે વડોદરાવાસીઓને ગરમીથી રાહત મળે તેવા સંકેત હવામાન વિભાગે આપ્યા છે.


ગુજરાતમાં લાંબા સમયથી રાહ જોવાતું દક્ષિણ-પશ્ચિમ ચોમાસું હવે રાજ્યના દરવાજા સુધી પહોંચી ગયું છે. મહારાષ્ટ્રમાં ઝડપથી આગળ વધેલા ચોમાસાની અસર હવે ગુજરાતના દક્ષિણ અને દરિયાકાંઠાના વિસ્તારોમાં અનુભવાઈ રહી છે. હવામાન નિષ્ણાતોના અનુમાન મુજબ આગામી 24થી 48 કલાક દરમિયાન રાજ્યના વિવિધ ભાગોમાં વરસાદી પ્રવૃત્તિઓમાં વધારો થશે અને ચોમાસું સત્તાવાર રીતે ગુજરાતમાં પ્રવેશ કરે તેવી સંભાવના છે. વડોદરા શહેર અને જિલ્લામાં પણ આગામી 24 કલાકમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ભરૂચ, પંચમહાલ અને દાહોદ સહિત મધ્ય ગુજરાતના જિલ્લાઓમાં વરસાદી ઝાપટાં પડી શકે છે.

દક્ષિણ ગુજરાતના નર્મદા, ડાંગ અને છોટાઉદેપુર જેવા વિસ્તારોમાં ગાજવીજ સાથે ભારે વરસાદની શક્યતા છે. આ સાથે કેટલાક વિસ્તારોમાં તેજ પવન પણ ફૂંકાઈ શકે છે, જેના કારણે તંત્ર દ્વારા લોકોને સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ 25થી 29 જૂન દરમિયાન રાજ્યના અનેક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ પડશે. ચોમાસાના આગમનના સંકેતોથી ખેડૂતો અને સામાન્ય લોકોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે.

### એક સપ્તાહના વિલંબ બાદ ખાસ સામાન્ય સભામાં સભ્યોના નામ જાહેર

## રાજકીય ખેંચતાણ વચ્ચે જિલ્લા પંચાયતની ૮ સમિતિની રચના પૂર્ણ

**તમામ** જૂથોને સંતોષવાનો પ્રયાસ, વિકાસ કાર્યોને મળશે વેગ



(પ્રતિનિધિ) વડોદરા, તા. 25

વડોદરા જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓની રચનાને લઈને ચાલી રહેલી રાજકીય ખેંચતાણનો આખરે અંત આવ્યો છે. એક સપ્તાહના વિલંબ બાદ યોજાયેલી ખાસ સામાન્ય સભામાં જિલ્લા પંચાયતની આઠ મહત્વની સમિતિઓના સભ્યોની સત્તાવાર વરણી કરવામાં આવી હતી. આ સમિતિઓ આગામી દિવસોમાં જિલ્લાના વિવિધ વિકાસ કાર્યો અને વહીવટી કામગીરીને ગતિ આપશે.

અગાઉ આ ખાસ સામાન્ય સભા 18 જૂનના રોજ યોજાવાની હતી, પરંતુ માંજલપુરના વરિષ્ઠ ધારાસભ્ય સ્વ. યોગેશ પટેલના અવસાનને કારણે બેઠક મુલતવી રાખવામાં આવી હતી. ત્યારબાદ આજે યોજાયેલી બેઠકમાં તમામ સમિતિઓની રચના પૂર્ણ કરવામાં આવી હતી.

સમિતિઓની રચના પહેલાં ભાજપના સંગઠન અને ચૂંટાયેલા સભ્યો વચ્ચે તાલુકાવાર પ્રતિનિધિત્વ તથા હોદ્દાઓની વહેંચણી મુદ્દે ભારે ચર્ચાઓ અને અસંતોષ જોવા મળ્યો હતો. જોકે અંતિમ યાદીમાં વિવિધ તાલુકાઓ અને જૂથોને યોગ્ય પ્રતિનિધિત્વ મળે તેવો પ્રયાસ કરાયો હોવાનું માનવામાં આવે છે.

જિલ્લા પંચાયતની સૌથી મહત્વની કારોબારી સમિતિમાં કુલ 9 સભ્યોને સ્થાન આપવામાં આવ્યું છે. ઉપરાંત અપીલ, શિક્ષણ, જાહેર બાંધકામ, સામાજિક ન્યાય, જાહેર આરોગ્ય, ઉત્પાદન-સહકાર અને સિંચાઈ તેમજ મહિલા, બાળ વિકાસ અને યુવા પ્રવૃત્તિઓ સમિતિની પણ રચના કરવામાં આવી છે. સામાજિક ન્યાય સમિતિમાં ભોગીલાલ હરિજનની કો-ઓપ્ટ સભ્ય તરીકે વિશેષ વરણી કરવામાં આવી છે.

રાજકીય વિશ્લેષકોના મતે, સમિતિઓની રચના દ્વારા આંતરિક અસંતોષ ઘટાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. જોકે આગામી સમયમાં પક્ષના પ્રદેશ પ્રમુખની વડોદરા મુલાકાત બાદ આ નિર્ણયથી તમામ જૂથો સંતોષ અનુભવે છે કે નહીં તે જોવું મહત્વપૂર્ણ રહેશે. હાલ નવનિયુક્ત સભ્યો ટૂંક સમયમાં ચાર્જ સંભાળી જિલ્લાના વિકાસલક્ષી કાર્યોને આગળ વધારશે.

### ૨૫ માંગણીઓ સાથે મહામંડળે મેયર અને અધિકારીઓને સુપરત કર્યું આવેદનપત્ર

## પડતર પ્રશ્નોને લઈ પાલિકા કર્મચારીઓનો આક્રોશ, આંદોલન કરવાની ચીમકી

(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા મહાનગરપાલિકાના કર્મચારીઓ અને અધિકારીઓના લાંબા સમયથી પડતર રહેલા પ્રશ્નોના નિરાકરણ માટે કર્મચારી મહામંડળે હવે આક્રમક વલણ અપનાવ્યું છે. મહામંડળના હોદ્દેદારોએ પાલિકા કચેરી ખાતે મેયર, સ્થાયી સમિતિના અધ્યક્ષ અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને મળી 25 જેટલી માંગણીઓનું આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. સાથે જ ચેતવણી આપવામાં આવી છે કે માંગણીઓનો વહેલી તકે ઉકેલ નહીં આવે તો કર્મચારીઓ આંદોલનનો માર્ગ અપનાવશે.

મહામંડળના ઉપપ્રમુખ રોહિત સોલંકીએ જણાવ્યું હતું કે કર્મચારીઓના પ્રશ્નો અંગે વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા યોગ્ય પ્રતિસાદ મળતો નથી. પાલિકા પોતાની સંસ્થા હોવાથી અત્યાર સુધી સંયમ રાખવામાં આવ્યો હતો, પરંતુ હવે કર્મચારીઓને ન્યાય અપાવવા માટે વધુ સશક્ત રજૂઆત કરવાની ફરજ પડી છે.

આવેદનપત્રમાં 1 જાન્યુઆરી, 2016 પછી નિમણૂક પામેલા કર્મચારીઓને 10, 20 અને 30 વર્ષ બાદ મળવાપાત્ર ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવાની માંગ કરવામાં આવી છે. ઉપરાંત વર્ગ-3 અને 4ના કર્મચારીઓ માટે ધોલાઈ ભથ્થું વધારી રૂ. 200 કરવા તેમજ ફિલ્ડ સ્ટાફના



પેટ્રોલ એલાઉન્સમાં મોંઘવારી મુજબ વધારો કરવાની રજૂઆત કરવામાં આવી છે. મહત્વની અન્ય માંગણીઓમાં 720 દિવસની સેવા પૂર્ણ કરનાર કર્મચારીના અવસાન બાદ વારસદારને રહેમરાહે નોકરી આપવી, સફાઈ કામદારોમાંથી 20 ટકા સુપરવાઈઝરની ભરતી કરવી, હાજરી પોઈન્ટ પર પીવાના પાણી અને શૌચાલય જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી તથા મહામંડળ માટે અલગ ઓફિસ ફાળવવાનો સમાવેશ થાય છે. મહામંડળે આક્ષેપ કર્યો છે કે સરકારના પરિપત્રો અને સામાન્ય સભાના ઠરાવોનો યોગ્ય અમલ થતો નથી. બાકી રહેલા સમાવિષ્ટ કર્મચારીઓને કાયમી કરી તમામ લાભો આપવાની માંગ સાથે મહામંડળે આરપારની લડાઈના સંકેત આપ્યા છે.

## પ્લેટફોર્મ નં. ૪ અને ૫ની લંબાઈ વધારાશે, ૨૨ કોચની ટ્રેનો દોડી શકશે

**30 જૂને** સિગ્નલિંગ સિસ્ટમ થશે અપગ્રેડ : ડીઆરએમ રાજુ ભડકે

(પ્રતિનિધિ) વડોદરા,તા.25

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા સ્ટેશનની પરિચાલન ક્ષમતા વધારવા અને મુસાફરોને વધુ સારી સુવિધા પૂરી પાડવાના હેતુથી વડોદરા રેલવે સ્ટેશન પર યાર્ડ રિમોડલિંગનું મહત્વપૂર્ણ કામ ઝડપથી આગળ વધી રહ્યું છે. આ કામગીરીની સમીક્ષા કરવા માટે મંડળ રેલ પ્રબંધક રાજુ ભડકેએ અધિકારીઓ અને એન્જિનિયરો સાથે સ્ટેશન યાર્ડની મુલાકાત લીધી હતી.

નિરીક્ષણ દરમિયાન ડીઆરએમે અધિકારીઓને કામગીરી દરમિયાન રેલ પરિચાલન પર ઓછામાં ઓછી અસર પડે અને મુસાફરોને કોઈ મોટી અસુવિધા ન થાય તે સુનિશ્ચિત કરવા સૂચના આપી હતી. તેમણે જણાવ્યું કે યાર્ડ રિમોડલિંગ દરમિયાન ગુણવત્તા અને સુરક્ષાના તમામ ધોરણોનું પાલન કરવામાં આવી રહ્યું છે તેમજ નોન-ઈન્ટરલોકિંગ અગાઉના તમામ કામ સમયસર પૂર્ણ કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. 30 જૂને નોન-ઈન્ટરલોકિંગનું કામ હાથ ધરાશે, જેના પરિણામે વડોદરા સ્ટેશનની સિગ્નલિંગ સિસ્ટમ વધુ આધુનિક બનશે.

હાલમાં મુસાફરોની સુવિધા માટે પ્લેટફોર્મ નંબર 4 અને 5ની લંબાઈ વધારવાની કામગીરી ચાલી રહી છે. પ્લેટફોર્મ નંબર 4ની લંબાઈ 498 મીટરથી વધારી 592 મીટર અને પ્લેટફોર્મ નંબર 5ની લંબાઈ 498 મીટરથી વધારી 568 મીટર કરવામાં આવશે. આ વિસ્તરણ બાદ બંને પ્લેટફોર્મ પરથી 22 કોચ ધરાવતી ટ્રેનોનું સરળતાથી સંચાલન શક્ય બનશે.

આ કામગીરી માટે ટર્નઆઉટ, સિગ્નલ અને ઓવરહેડ વાયર શિફ્ટિંગનું કામ ચાલી રહ્યું હોવાથી હાલ પ્લેટફોર્મ નંબર 5 અને 6 પર ટ્રેન વ્યવહાર અસ્થાયી રીતે બંધ રાખવામાં આવ્યો છે. યાર્ડ રિમોડલિંગ પૂર્ણ થયા બાદ વડોદરા સ્ટેશનની ક્ષમતા વધશે અને ભવિષ્યમાં વધુ કાર્યક્ષમ રેલ સેવાઓ ઉપલબ્ધ થશે.

### સર્વર ઠપ હોવાના કારણે નાગરીકો કલાક સુધી લાઇનમાં ઊભા રહ્યા

## વોર્ડ નં.૧૩ની કચેરીમાં એડવાન્સ વેરો ભરવા આવેલા વરિષ્ઠ નાગરિકો અટવાયા

**બેસવા** માટે ખુરશી કે પંખાની વ્યવસ્થા ન હોવાથી કરદાતાઓમાં ભારે રોષ

(પ્રતિનિધિ) વડોદરા. તા.૨૫

શહેરના વોર્ડ નંબર ૧૩ ની વહીવટી કચેરી ખાતે આજે વહેલી સવારથી જ ભારે અરાજકતાનો માહોલ જોવા મળ્યો હતો. કોર્પોરેશન દ્વારા એડવાન્સ વેરો ભરવા માટે નાગરિકોને અપીલ કરવામાં આવી છે, જેના પગલે મોટી સંખ્યામાં પ્રમાણિક કરદાતાઓ વહેલી સવારથી જ વેરો જમા કરાવવા કચેરીએ પહોંચ્યા હતા. જો કે, કચેરીનું સર્વર ખોરવાઈ જતાં નાગરિકોને કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવાની નોબત આવી હતી. એક તરફ ડિજિટલ ઈન્ડિયાની વાતો થાય છે, ત્યારે બીજી તરફ કલાકો સુધી



સર્વર ચાલુ ન થતાં તંત્રની પ્રી-મોન્સૂન કામગીરીની જેમ ડિજિટલ સજ્જતાના પણ ધજાગરા ઉડ્યા હતા.

તંત્રની ઘોર બેદરકારી, સિનિયર સિટીઝનોની કફોડી હાલત. સૌથી વધુ દયનીય સ્થિતિ વરિષ્ઠ નાગરિકો એટલે કે સિનિયર સિટીઝનોની થઈ હતી. સવારથી કલાકથી વધુ સમય સુધી વેરો ભરવા માટે ઊભા રહેવા છતાં કામ ન થતાં વૃદ્ધો અસહ્ય થાક અને મૂંઝવણ અનુભવી રહ્યા હતા. વેરો ભરવા માટે ઘણા લોકો આવતા હોવા છતાં તંત્ર દ્વારા લાઈન પાસે બેસવા માટેની કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કે ખુરશીઓ મૂકવામાં આવી ન હતી. જેને કારણે અશક્ત વૃદ્ધોને પણ નાછૂટકે લાંબી લાઈનોમાં ઊભા રહેવું પડ્યું હતું.

હાલના અસહ્ય ઉકળાટ અને ગરમીના વાતાવરણમાં કચેરીના જે ભાગમાં નાગરિકો વેરો ભરવા માટે ઊભા હતાં, ત્યાં પંખાની પણ કોઈ સુવિધા ઉપલબ્ધ ન હોવાનું સામે આવ્યું છે. ગરમી અને પંખા વિના લોકો પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. એક તરફ સમયસર વેરો ભરીને વફાદારી દાખવતા નાગરિકોને પ્રાથમિક સુવિધાઓ પણ ન મળતા લોકોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળ્યો હતો. હાજર નાગરિકોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, અમે નિયમિત વેરો આપીએ છીએ, છતાં અમને અહીં ગુનેગારની જેમ લાઈનમાં શેકાવું પડે છે. તંત્રએ તાત્કાલિક સુવિધાઓ સુધારવી જોઈએ.